**આંક–૧૮**

**<u>મજુર અદાલત નંબર–૧,ભરૂચના પ્રમુખ અધિકારી શ્રી એસ.જી.ડોડીયા સમક્ષ</u>**

**રેફરન્સ (એલસીબી) નંબર–૧૦૯/૨૦૧૭**

**પ્રથમ પક્ષકારઃ** મેનેજરશ્રી,
બિરલા ગ્રાસીમ,
વિલાયત,
તા.વાગરા, જી.ભરૂચ.

**વિરૂદઘ**

**બીજા પક્ષકારઃ** શ્રી મેહુલ જી. નિઝામા.
નિઝામા, બી–૬,
રાધાકૃષ્ણ સોસાયટી,
તુલસીધામ રોડ, ભરૂચ.

**હાજર રહ્યાઃ** પ્રથમ પક્ષકાર તરફે પ્રતિનિધિ શ્રી પિયુષભાઇ દણાંક.
બીજા પક્ષકાર તરફે પ્રતિનિધિ શ્રી ડી.એસ.જોગ.

**<u>–:– ચુકાદો –:–</u>**

**(૧)** હાલનો રેફરન્સ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૧૦ (૧) અન્વયે મદદનીશ શ્રમ આયુક્તશ્રીના તા.૦૯/૦૫/૨૦૧૭ ના આંક–૧ ના હુકમથી નીચે જણાવેલ અનુસુચિ અનુસંધાને ન્યાયિક નિર્ણય કરવા માટે સુપરત કરવામાં આવેલ છે.

**<u>–:– અનુસુચિ –:–</u>**

શ્રી મેહુલ જી. નિઝામાને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

**(૨)** આ કામે પક્ષકારોને નોટીસ બજતાં બીજા પક્ષકાર તરફે આંક–૪ થી માંગણાનું નિવેદન રજુ કરી જણાવેલ છે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૦૧/૦૭/૨૦૧૩ ના રોજથી

ઈલેક્ટ્રીશીયન તરીકે માસિક રૂ.૧૮,૦૦૦/– ના પગારથી તેમની નોકરીની ફરજો ખુબ જ ખંત અને વફાદારી પૂર્વક બજાવતા હતા.

બીજા પક્ષકાર પ્રથમ તેમની નોકરીની ફરજો ખુબ જ ખંત અને વફાદારી પૂર્વક બજાવતા હતા. તેઓને કામગીરી બાબતે, વર્તણુંક બાબતે કે હાજરી બાબતે કોઇ ફરીયાદ હતી નહિં. તેઓનો નોકરીનો રોકોર્ડ સ્વચ્છ હતો.

બીજા પક્ષકાર રાબેતા મુજબની કામગીરી દરમ્યાન મેડીકલ ચેકઅપ કરતા એપ્રિલ–૨૦૧૭ માં બ્લડ પ્રેસર વધારે હોવાથી પંચીગ કરાવવમાં આવતું પરંતુ મેડીકલ સેન્ટરમાં બેસાડી રાખતા હતા ત્યારબાદ રાખતા હતા ત્યારબાદ તા.૦૮/૦૪/૨૦૧૭ ના રોજ જનરલ શીફ્ટમાં નોકરી ઉપર હાજર થવા જતા સંસ્થાના એજીએમ પ્રસાંત પલ્લીગર સાહેબ તેમજ રજત ડે સાહેબએ ઓફિસમાં બોલાવી તેઓએ જણાવેલ કે બીજા પક્ષકારની તબીયત સારી નથી એટલે પ્રથમ પક્ષકાર જે રીતે કહે તેમ લખી આપો તો નોકરી ઉપર હાજર કરીશું ત્યારબાદ પ્રથમ પક્ષકારે દાબ–દબાણથી તેઓના કહેવા પ્રમાણે લખાવેલ તે લખી આપેલ ત્યારબાદ બીજા પક્ષકારને જણાવેલ કે હવે તેઓનું કામ નથી તેમ જણાવી મૌખીક હુકમથી ગેરકાયદેસર છુટા કરી દીધેલ જેથી બીજા પક્ષકારે મદદનીશ શ્રમ આયુક્તશ્રી, ભરૂચ સમક્ષ તા.૧૭/૦૪/૨૦૧૭ના રોજ ઔધોગિક વિવાદ ઉપસ્થિત કરેલ. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થાના જવાબદાર અધિકારી સંતોષકુમાર સીની.મેનેજર, આસી.મેનેજર સંદીપ વર્મા, અંકીત બાકરોલા સાહેબની સીધી સુચના અને દેખરેખ હેઠળ જે કામગીરી સોંપે તે તમામ કામગીરી કરવાની રહેતી હતી.

બીજા પક્ષકારને છુટા કરવાનો હુકમ તેઓને તા.૦૮/૦૪/૨૦૧૭ ના રોજ આપેલ છે. તેઓને છુટા કરવાનું કૃત્ય કોઇ પણ રીતે જસ્ટીફાઇડ થતું નથી. તેઓને સંસ્થાએ સત્તાનો વધુ પડતો ઉપયોગ કરી છુટા કરવાની સજા કરેલ છે. જે ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ છે.

બીજા પક્ષકારને તા. ૦૮/૦૪/૨૦૧૭ ના રોજથી ગેરકાયદેસર રીતે છુટા કરતાં તેઓએ મદદનીશ શ્રમ આયુકતશ્રી, ભરૂચ સમક્ષ ઔધોગિક વિવાદ ઉપસ્થિત કરેલ. આ કામમાં સામાવાળા સાથે કોઇ સમાધાન શકય ન બનતા સદર કામ નામ.કોર્ટને ન્યાય નિર્ણય માટે સુપરત કરેલ છે. જેને ચલાવવાની નામ.કોર્ટને સત્તા અને હકુમત છે.

બીજા પક્ષકારે સંસ્થામાં કામગીરી કરેલ છે તે તથા નોકરી અંગેના તમામ પુરાવાઓ સંસ્થાના કબજામાં છે.

બીજા પક્ષકાર બેકાર છે. નોકરી મેળવવા પ્રમાણિક પ્રયત્ન કરેલ હોવા છતાં નોકરી રોજગારી મળેલ નથી. સંસ્થા તેમની જગ્યાએ અન્ય વ્યકિતને રોકી કામગીરી કરાવે છે. તેઓ આજે પણ સંસ્થામાં કામગીરી બજાવવા રાજી અને ખુશી છે.

સબબ બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા. ૦૮/૦૪/૨૦૧૭ ના રોજથી ફોર્સ કુલી લખાવી લઈ મૌખિક હુકમથી ગેરકાયદેસર રીતે છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું જાહેર કરી તેઓની નોકરીની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય આનુષાંગિક લાભો સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવાનો પ્રથમ પક્ષકારને હુકમ ફરમાવવા તથા નામ.કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી અન્ય હરકોઈ દાદ અપાવવા તથા આ કામનો ખર્ચ રૂ.૧૦,૦૦૦/– ચુકવી આપવાનો હુકમ ફરમાવવાની દાદ માંગેલી છે.

(૩) આ કામે પ્રથમ પક્ષકારને નોટીસ બજી જવા છતાં પ્રથમ પક્ષકાર તરફે જવાબ રજુ ન થતાં પ્રથમ પક્ષકારનો જવાબ રજુ કરવાનો હકક તા.૦૩/૧૦/૨૦૧૭ ના રોજ બંધ કરવામાં આવેલ. ત્યારબાદ પ્રથમ પક્ષકાર તરફે આંક–૭ થી લેખિત જવાબ રજુ કરી જણાવેલ છે કે, બીજા પક્ષકારના માંગણાના નિવેદનની હકીકતો પ્રથમ પક્ષકારને કબુલ મંજુર નથી. આવી હકીકતો પુરવાર કરવાની જવાબદારી બીજા પક્ષકારની શીરે છે. પરંતુ આ તમામ હકીકતો બીજા પક્ષકારે પોતાના બચાવ માટે ઉપસ્થિત કરેલ છે.

બીજા પક્ષકારને આ રેફરન્સ કરવા કાયદેસર કોઈ કારણ ઉપસ્થિત થતું નથી.

બીજા પક્ષકારના માંગણાના નિવેદન વિરૂધ્ધ પ્રથમ પક્ષકારે આ લેખિત જવાબમાં સ્પષ્ટપણે કબુલ કરેલ ન હોય તે સિવાયની તમામ હકીકતો પુરવાર કરવાની જવાબદારી બીજા પક્ષકારના શીરે છે.

રાજીનામાના સમયે સંબંધિત બીજા પક્ષકારને તેના તમામ રૂ.૨૧,૩૪૮/–ની કાનુની રકમ ચુકવવમાં આવી હતી અને જણાવ્યું હતું કે રકમ તેના પગાર ખાતામાં જમા કરવામાં આવી હતી.

બીજા પક્ષકારનો આ રેફરન્સ ચલાવવા નામ.અદાલતને પોતાના કાર્યક્ષેત્રનો બાધ નડે છે. અને નામ.અદલાત બીજા પક્ષકારનો આ રેફરન્સ ચલાવી શકે તેમ નથી.

બીજા પક્ષકાર પોતાના માંગણાના નિવેદનમાં માંગેલ દાદ મેળવવા હકકદાર નથી અને

નામ.અદાલત પણ બીજા પક્ષકારને આવી કોઇ દાદ આપી શકે તેમ ન હોય સદર રેફરન્સ ખર્ચ સહિત રદ કરવા જવાબમાં જણાવેલ છે.

(૪) આ કામે પક્ષકારો તરફે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**<u>બીજા પક્ષકાર તરફેઃ–</u>**

**<u>મૌખિક પુરાવાઃ–</u>**

| | | |
|---|---|---|
| (૧) | આંક–૧૧ | બીજા પક્ષકાર શ્રી મેહુલ જી. નિઝામાની એફીડેવીટ ઉપર સરતપાસ. |

**<u>લેખિત પુરાવાઃ–</u>**

| | | |
|---|---|---|
| (૧) | આંક–૪ | માંગણાનું નિવેદન. |
| (૨) | આંક–૬ | પ્રથમ પક્ષકારનો જવાબનો દક્ક બંધ કરવાની અરજી. |
| (૩) | આંક–૧૦ | દસ્તાવેજી પુરાવા લીસ્ટ. |
| (૪) | આંક–૧૨ | પોલીસ સ્ટેશનમાં આપેલ ફરીયાદની નકલ. |
| (૫) | આંક–૧૬ | કલોઝીંગ પુરશીસ. |

**<u>પ્રથમ પક્ષકાર તરફેઃ–</u>**

**<u>મૌખિક પુરાવાઃ–</u>**

આ કામે પ્રથમ પક્ષકાર તરફે કોઇ મૌખિક પુરાવો રજુ રાખવામાં આવેલ નથી.

**<u>લેખિત પુરાવાઃ–</u>**

| | | |
|---|---|---|
| (૧) | આંક–૮ | લેખિત જવાબ. |
| (૩) | આંક–૯ | દસ્તાવેજી પુરાવા લીસ્ટ. |
| (૪) | માર્ક–૯/૧<br>આંક–૧૩ | બીજા પક્ષકારે આપેલ રાજીનામા પત્રની નકલ. |
| (૫) | માર્ક–૯/૩<br>આંક–૧૪ | પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને સર્વિસ સર્ટીફિકેટ આપેલ તેની નકલ. |
| (૬) | માર્ક–૯/૬<br>આંક–૧૫ | પી.એફ. વિડ્રોઅલ ફોર્મ ની નકલ. |
| (૭) | આંક–૧૭ | કલોઝીંગ પુરશીસ. |

(૫) આ કામના બીજા પક્ષકારના પ્રતિનિધી શ્રી ડી.એસ.જોગ તેમની મૌખિક દલીલમાં જણાવે છે કે, આ કામના બીજા પક્ષકાર તા. ૩૦/૧૨/૨૦૦૬ થી પ્રથમ પક્ષકાર સંસ્થામાં પ્લાન્ટ ઓપરેટર તરીકે ફરજ બજાવતા આવેલ છે. તા.૦૮/૦૪/૨૦૧૭ ના રોજ જનરલ શીફ્ટમાં નોકરી ઉપર હાજર થવા જતા સંસ્થાના એજીએમ પ્રસાંત પલ્લીગર સાહેબ તેમજ રજત ડે સાહેબએ ઓફિસમાં બોલાવી તેઓએ જણાવેલ કે બીજા પક્ષકારની તબીયત સારી નથી એટલે પ્રથમ પક્ષકાર જે રીતે કહે તેમ લખી આપો તો નોકરી ઉપર હાજર કરીશું ત્યારબાદ પ્રથમ પક્ષકારે દાબ–દબાણથી તેઓના કહેવા પ્રમાણે લખાવેલ તે લખી આપેલ ત્યારબાદ બીજા પક્ષકારને જણાવેલ કે હવે તેઓનું કામ નથી તેમ જણાવી મૌખીક હુકમથી ગેરકાયદેસર છુટા કરી દીધેલ. બીજા પક્ષકારને છુટા કરવાનો હુકમ તેઓને તા.૦૮/૦૪/૨૦૧૭ ના રોજ આપેલ છે. તેઓને છુટા કરવાનું કૃત્ય કોઇ પણ રીતે જસ્ટીફાઇડ થતું નથી. તેઓને સંસ્થાએ સત્તાનો વધુ પડતો ઉપયોગ કરી છુટા કરવાની સજા કરેલ છે. જે ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ છે.

(૫/૧) આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થાના પ્રતિનિધિ શ્રી પિયુષભાઇ દણાંક તેમની મૌખિક દલીલમાં જણાવે છે કે, આંક–૧૩ થી રજુ બીજા પક્ષકારનું રાજીનામું જોવામાં આવે તો તે રાજીનામામાં તેઓની સહી છે અને તેમાં તેઓ તા.૦૫/૦૪/૨૦૧૭ ના રોજથી રાજીનામું આપતા હોવાનું અને તેઓને ફરજમુક્ત કરવા વિનંતી કરેલ છે તેમજ સદર રાજીનામાનું ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ તેઓને ચુકવવા વિનંતી કરેલ હોવાનું જણાય આવે છે. સદર રાજીનામા સંદર્ભે પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને સર્વિસ સર્ટી આપેલ છે તેમજ ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ પેટે રૂ.૨૧,૩૪૮/– આપેલ હોવાનું જણાય આવે છે.

(૬) ઉપરોકત તમામ હકીકતમાં આ કામે મારા ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દાઃ</u>**

૧) શું બીજા પક્ષકાર સાબિત કરે છે કે, તેઓ માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર બને છે ?

૨) શું હુકમ ?

(૭) આ કામે ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**<u>નિર્ણયઃ</u>**

૧)　નકારાત્મક.

૨)　આખરી હુકમ મુજબ.

(૮)　આ કામે ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**કારણોઃ**

**મુદ્દા નંબર (૧-૨) –**

આ કામે બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદન આંક-૪ ના સમર્થનમાં આંક-૧૧ થી તેમની એફીડેવીટ સ્વરૂપની લેખિત જુબાની રજુ રાખેલ છે. જેમાં તેઓએ તેમના માંગણાના નિવેદનમાં જણાવેલ હકીકતોનું મહદઅંશે પુનરાવર્તન કરેલ છે.

(૮/૧)　આ કામે બીજા પક્ષકારની ઉલટતપાસ પ્રથમ પક્ષકાર સંસ્થાના વિદ્વાન વકીલ શ્રી પિયુષભાઇ દણાંક દ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓ તેમની ઉલટતપાસમાં જણાવે છે કે," મને આંક-૪ બતાવવામાં આવે છે તેમાં સહી મારી છે. મને આંક-૫ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તેમાં સહી મારી છે. મને નિ.૯/૧ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તેમાં સહી મારી છે. જે રજુ દાખલ આંક-૧૩.....મને નિ.૯/૨ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તે કાગળ કંપનીએ મને આપ્યો નથી. મને નિ.૯/૩ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તે સર્ટિફીકેટ કંપનીએ મને આપેલું. જે રજુ દાખલ આંક-૧૪.... મને નિ.૯/૫ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે કંપનીએ મારા ખાતામાં એચ.ડી.એફ.સી. બેંકમાં રૂ.૨૧,૩૪૮/- જમા કરાવેલા. મને નિ.૯/૬ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તે મેં પી.એફ. વિડ્રોલ ફોર્મ ભરેલ તે છે. જે રજુ દાખલ આંક-૧૫... મેં વાગરા પોલીસ સ્ટેશનમાં મારૂં રાજીનામું કંપનીએ બળજબરીથી લીધેલું તેની પોલીસ ફરિયાદ કરેલી. મેં કરેલ પોલીસ ફરીયાદ સંદર્ભે પોલીસે શું કાર્યવાહી કરી તેની મને ખબર નથી. મારી પોલીસ ફરીયાદના સંદર્ભે પોલીસે કંપનીના કોઈ કર્મચારીની ધરપકડ કરેલ હોય તેની મને માહિતી નથી. આથી ફરીયાદ એટલે કે મજુર અધિકારીને મેં કરેલ ફરીયાદ આ કામે મેં રજુ રાખેલી છે. મારા પિતાશ્રી મારૂં ઘર ગુજરાન ચલાવે છે."

(૮/૨)　આ સિવાય બીજા પક્ષકાર દ્વારા અન્ય કોઈ સાક્ષી પુરાવો આ કામે રજુ રાખવામાં આવેલ નથી.

(૮/૩)　આ કામે પ્રથમ પક્ષકાર તરફે કોઈ સાક્ષી પુરાવો આ કામે રજુ રાખવામાં આવેલ નથી.

(૯) આ કામે રેકર્ડ વંચાણે લીધું. રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લીધો. બંન્ને પક્ષકારોની મૌખિક દલીલો ધ્યાને લીધી. રજુ થયેલ ચુકાદા માનસહ વંચાણે લીધા.

(૯/૧) આ કામે બીજા પક્ષકારની મુખ્ય તકરાર એ છે કે તેઓની પાસેથી પ્રથમ પક્ષકાર સંસ્થાએ બળજબરીપુર્વક રાજીનામું લઈ લીધેલ છે. આ સંદર્ભે રજુ થયેલ પુરાવાઓ જોવામાં આવે તો બીજા પક્ષકારે તેમની જુબાની આંક-૧૧ ની ઉલટ તપાસમાં જણાવેલ છે કે તેઓ ધ્વારા આંક-૧૩ થી જે રાજીનામું આપવામાં આવે છે તેમાં તેઓની સહી છે તેમજ પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેઓને સર્વિસ સર્ટીફિકેટ આંક-૧૪ થી આપેલ છે અને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેમના ખાતામાં રૂ.૨૧,૩૪૮/- જમા કરાવેલા અને આંક-૧૫ થી તેઓએ પી.એફ. વિડ્રોલ ફોર્મ ભરેલ છે. વધુમાં જણાવેલ છે કે પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેમનું રાજીનામું બળજબરીથી લીધેલું તેની પોલીસ ફરિયાદ કરેલી અને પોલીસ ફરિયાદ સંદર્ભે શું કાર્યવાહી કરી તેની તેઓને ખબર નથી તેમજ સંસ્થાના કોઈ કર્મચારીની ધરપકડ થયેલી હોય તેની પણ તેઓને માહિતી નથી.

આ કામે આંક-૧૩ થી રજુ બીજા પક્ષકારનું રાજીનામું જોવામાં આવે તો તે રાજીનામામાં તેઓની સહી છે અને તેમાં તેઓ તા.૦૫/૦૪/૨૦૧૭ ના રોજથી રાજીનામું આપતા હોવાનું અને તેઓને ફરજમુક્ત કરવા વિનંતી કરેલ છે તેમજ સદર રાજીનામાનું ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ તેઓને ચુકવવા વિનંતી કરેલ હોવાનું જણાય આવે છે. સદર રાજીનામા સંદર્ભે પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને સર્વિસ સર્ટી આપેલ છે તેમજ ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ પેટે રૂ.૨૧,૩૪૮/- આપેલ હોવાનું જણાય આવે છે.

આ કામે બીજા પક્ષકાર ધ્વારા એસીએલ સમક્ષ તા.૧૮/૦૪/૨૦૧૭ ના રોજ ફરીયાદ દાખલ કરેલ. જેમાં છુટા થવાના કારણમાં તેઓએ "બીમાર હોવાથી ૧૦ દિવસ રજા હતી" તેવું કારણ દર્શાવેલ છે. એસીએલ સમક્ષના પ્રોસીડીંગમાં આ કામના બીજા પક્ષકારે તેઓને પાસેથી પ્રથમ પક્ષકાર સંસ્થાએ બળજબરી પુર્વક રાજીનામું લખાવી છુટા કરેલ હોવાનું તા.૧૦/૦૫/૨૦૧૭ ના પ્રોસીડીંગમાં જણાવેલ છે. બળજબરીથી રાજીનામું લીધેલ હોવા સંદર્ભે બીજા પક્ષકારે વાગરા પોલીસ સ્ટેશનમાં તા.૧૨/૦૯/૨૦૧૭ ના રોજ એક અરજી આપેલ જે આ કામે માર્ક-૧૨/૧ થી રજુ છે. તેમાં તેઓએ પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા છેલ્લા ૨ વર્ષથી રાજીનામું મુકાવવાની માનસિક ત્રાસ આપતા હતા તેમજ જો તેઓને નોકરી ઉપર પાછો લેવામાં નહી આવે તો કંપની ગેટ ઉપર આત્મવિલોપણનું પગલું ભરવું પડશે. તેઓની આર્થિક સ્થિતિ નબળી છે તેમ જણાવેલ છે. બીજા પક્ષકારે તેઓની ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે તેઓને સદર અરજી સંદર્ભે પ્રથમ પક્ષકાર સંસ્થાના કોઈ કર્મચારી/અધિકારીની ધરપકડ થયેલ હોવા સંદર્ભેની તેઓને માહિતી નથી તેમજ સદર અરજી/ફરીયાદ

સંદર્ભે પોલીસે શું કાર્યવાહી કરી તેની તેઓને ખબર નથી.

(૧૦) આ કામે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેઓને ફુલ એન્ડ ફાઈનલ પેમેન્ટ તા.૦૭/૦૪/૨૦૧૭ ના રોજ ચુકવી આપેલાનું જણાય આવે છે. બીજા પક્ષકારે એ.એસી.એલ સમક્ષની કાર્યવાહીમાં અત્રેની કોર્ટની કાર્યવાહી દરમ્યાન તેવું જાહેર કરેલ નથી કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થા પાસેથી મેળવેલ ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટની રકમ જમા કરાવવા તૈયાર છે. આ કામે બીજા પક્ષકાર ધ્વારા આપવામાં આવેલ આંક–૧૩ નું રાજીનામું બળજબરી પુર્વક હોવાનું પડેલ પુરાવાથી માનવામાં આવતું નથી. તે સંદર્ભે બીજા પક્ષકાર ધ્વારા તેઓ ધ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ રેફરન્સ કેસ પુરવાર કરવા માટે તેઓ નિષ્ફળ ગયેલ હોય આથી મુદ્દા નંબર ૧ નો જવાબ નકારમાં આપેલ છે. મુદ્દા નંબર ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:- **આખરી હુકમ** -:-

(૧) બીજા પક્ષકારનો રેફરન્સ (એલ.સી.બી) નંબર–૧૦૯/૨૦૧૭ આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ સંબંધે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૩) સદર હુકમની નકલ ધી આઇ.ડી.એકટની કલમ ૧૧(૧૦) મુજબ પ્રિન્સીપાલ સિનીયર સિવીલ કોર્ટ, ભરૂચને મોકલી આપવી.

Place : Bharuch
Date : 09/08/2018

( Sandipsinh. G. Dodiya )
UIC No : GJ00902
Presiding Officer (SD)
Labour Court No : 1
Bharuch

Mansi T. shah
Stenographer